# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૬/૧૨/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **ઉત્તર પ્રદેશ અને ગુજરાતનો વિશેષ નાતો રહ્યો છે : ઉત્તરપ્રદેશના અધ્યક્ષ શ્રી ડૉ. મહેન્દ્રનાથજી.**
- **મોદી જેવા યુગપુરૂષની આજે સમગ્ર દેશને ખુબ જરૂર છે.**
- **ઉત્તરપ્રદેશમાંથી ગુંડારાજ નાબુદ થઈ રહ્યું છે.**

ઉત્તરપ્રદેશના ભાજપા અધ્યક્ષ તેમજ પૂર્વ કેન્દ્રિય મંત્રી શ્રી ડૉ. મહેન્દ્રનાથજી પાંડે તેમની સાથે નવનિર્વાચીત ૧૪ શહેરોના મેયરશ્રીઓ સાથે સુરત ખાતે પધાર્યા હતા તેમજ આજ રોજ ટી.જી.બી. હોટલ ખાતે એક પત્રકાર પરીષદને સંબોધી હતી.

તેઓના સંબોધનમાં તેઓએ જણાવ્યું કે અમો અહીં અમારી પક્ષ પ્રત્યેની ફરજના અનુરૂપ સુરત આવ્યા છીએ.

રાહુલ ગાંધી ગુજરાતમાં વિકાસ કરવાના જુઠા ગાણા ગાઈ રહ્યા છે ત્યારે તેમની પોતાના પરીવારની સીટ કે જ્યાંથી તેઓનો પરીવાર વર્ષોથી જીતતો આવે છે તે

વિસ્તારમાં સાંસદ શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીજીને આજે દીદી, દીદી કરી બોલાવે છે અને તેઓને ખૂબ જ પ્રેમ કરે છે. તેમના પ્રયાસોથી અને મોદીજીના કાર્યથી પ્રેરીત થઈને હવે ત્યાંની પ્રજાના આંખો પરથી પડદો દૂર થઈ ગયો છે અને સચ્ચાઈ સામે આવી ગઈ છે. તેને અનુલક્ષીને અમેઠીની ત્રણ નગર નિગમમાં હમણાં જ થયેલી ચૂંટણીમાં કોંગ્રેસના સુંપડા સાફ થઈ ગયા છે.

દુનિયાના મોટા રાજ્ય કે જેમાં હમણાં થયેલ ચૂંટણીમાં સાડા ચાર કરોડથી વધુ મતદાતાઓએ ભાગ લીધો હતો અને તેમાંથી ૪૨.૬ ટકા મત ભાજપને મળ્યા હતા. ૧૪ મહાનગર, નગરપાલિકાઓ, પંચાયતોમાં ૨૨૦૦ થી પણ વધુ પાર્ષદો ચૂંટાઈ આવ્યા છે. ઉત્તરપ્રદેશની જનતાએ મોદીજીને આશિર્વાદ આપ્યા છે.

ઉત્તરપ્રદેશ અને ગુજરાતનો એક વિશેષ નાતો રહ્યો છે. એમાં પણ ખાસ સુરત, વાપી, ઉમરગામ કે જ્યાં અમારા બંધુઓ વિશેષ રૂપે રોજી–રોટી કમાવવા આવે છે. તેઓ મોદીજીની બાજુની બેઠકથી સાંસદ છું અને ઘણી સમિતીઓમાં તેઓ ચેરમેન છે. હું વાઈસ ચેરમેન છું. તે નાતે અમારૂં પણ ઉત્તરદાયીત્વ છે.

મોદીજી જેવા યુગપુરૂષની આજે દેશને ખૂબ જ જરૂર છે અને આજે પૂરા દેશમાં ગુજરાત મોડલનું અનુકરણ થઈ રહ્યું છે ત્યારે ગુજરાતની ચૂંટણીમાં અમારા ઉત્તરપ્રદેશના નાગરીકોને મળવા અને ભાજપ તરફી મતદાન કરવા તેઓના ઘરે ઘરે અમારી આખી ટીમ જશે. આજે ઉત્તરપ્રદેશમાં યોગીજીના શાસનમાં ઉત્તરપ્રદેશમાંથી ગુંડારાજ નાબૂદ થઈ રહ્યું છે અને ખેડૂતોના દેવા માફી પણ કરવામાં આવ્યા છે. રસ્તાઓ, શિક્ષામાં સુધાર અને દંગાઓ ઉપર સખ્તાઈથી હવે ઉત્તરપ્રદેશ પણ વિકાસના રાહે આગળ ચાલવા માંડયું છે અને ઉત્તરપ્રદેશની જેમ ગુજરાતમાં ભાજપને પ્રચંડ વિજય નિશ્ચિત છે.